# મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી અંતર્ગત ખેડૂત તાલીમ તેમજ પ્રથમ હરોળના નિદર્શન માટે કીટ વિતરણ

પંચમહાલ, દાહોદ અને મહીસાગર જીલ્લાના મુખ્ય પાક એવા મકાઈ પાકના વધુ ઉત્પાદન માટે અને મકાઇની નવીનતમ ટેક્નોલોજીનો ખેડૂત-મિત્રો સુધી પ્રચાર-પ્રસાર થાય તે હેતુથી મુખ્ય મકાઈ સંશોધન કેન્દ્ર, આ.કૃ.યુ., ગોધરા દ્વારા તા.૧૭/૧૦/૨૦૨૩ ના રોજ ટ્રાન્સફર ઓફ ટેક્નોલોજી પ્રોજેક્ટ અંતર્ગત ખેડૂત તાલીમ યોજવામાં આવેલ હતી તેમજ અખીલ ભારતીય સંકલિત મકાઇ સુધારણા યોજના (આઈ.સી.એ.આર) યોજના અંતર્ગત પ્રથમ હરોળના નિદર્શન માટે કિટનું વિતરણ કરવામાં આવેલ હતું.

ખેડૂતોને મકાઈની આધુનિક તાંત્રિકતાઓથી વાકેફ કરવા તેમજ તેનો બહોળો પ્રચાર થાય એ ખુબ જ અગત્યનું હોઈ આ અંગે સદર ખેડૂત તાલીમનું આયોજન કરવામાં આવ્યું જેમાં ૫૫ થી ૬૦ જેટલા ખેડૂત-ભાઈઓ-બહેનોએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો. આ ખેડૂત તાલીમમાં કેન્દ્રના યુનિટ હેડ અને સહ સંશોધન વૈજ્ઞાનિક, ડો.એમ.બી.પટેલ (પ્લાન્ટ બ્રિડર) એ મકાઈની મુલ્ય વર્ધિત તથા સંયોજિત અને સંકર જાતોની માહિતી આપી હતી તેમજ ખેડૂતોને પોતાનું/દેશી જાતનું બિયારણ વાપરવાના બદલે યુનિવર્સિટીની સંકર જાતોનું બિયારણ વાપરવા અંગે ભાર મુકેલ હતો.

શ્રી.કે.એચ.પટેલ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (એગ્રોનોમી) દ્વારા મકાઈમાં રાસાયણિક ખાતરના કાર્યક્ષમ ઉપયોગ અંગે તેમજ નીંદામણ નિયંત્રણ કરવા પર ભાર મુકેલ હતો. ડો.એચ.એસ.વર્મા, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (કીટકશાસ્ત્રી) દ્વારા મકાઈમાં આવતા રોગો તેમજ જીવાતના સંકલિત નિયંત્રણ અંગે વિગતવાર માહિતી આપેલ હતી.

ડો.પી.કે.પરમાર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (પ્લાન્ટ બ્રિડર) દ્વારા મકાઇ પાકમાં બીજ ઉત્પાદન અંગેની વિગતવાર માહિતી ખેડૂત-મિત્રોને આપવામાં આવી હતી. શ્રી.ડી.એમ.રાઠોડ, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક (વિસ્તરણ) દ્વારા મકાઈ પાકમાં જૈવિક ખાતરનું મહત્વ તથા બાયોફર્ટીલાઈઝરનો ઉપયોગ કરી રસાયણિક ખાતરનો વપરાશ ઓછો કરીને ખેતી ખર્ચ ઘટાડવા માટે અનુરોધ કર્યો હતો તેમજ મકાઈમાં ક્ષેત્રીય નિદર્શનથી થતા ફાયદાઓ વિષે વિસ્તૃતમાં માહિતી આપી હતી. કાર્યક્રમની અંતે ખેડૂતભાઈઓ-બહેનોના ખેતીને લગતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ હતું તેમજ પ્રથમ હરોળના નિદર્શન માટે કીટ-વિતરણ કરવામાં આવેલ હતું.








ખેડૂત તાલીમ અને કીટ વિતરણ